**મે. વલસાડ ખાતેના મજુર અદાલતના જજ અને**
**એક્સ-ઓફિસીયો કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એક્ટના**
**ઓફિસરશ્રીની કોર્ટમાં.**

ડીસ્ટ્રીબ્યુશન અરજી નં.૯/૨૦૨૬
આંક:૧૦

**અરજદાર :-** -: Legal heir of Kamleshbhai B. Patel :-
Bhavikaben Kamleshbhai Patel Age-38
Resi. at. Dhangar Faliyu, Mahuva,
Tarkani, Po. Anaval, Dist. Surat.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** (1) S. S. Construction
At.Flat No. E-102, Takhasheela,
Ashirwad Co. Op. Hsg.Soc., Dahad,
Umargam, Dist. Valsad.
(2) The Oriental General Insurance Co. Ltd.
1st Floor, Ujjam Enterprise,
Opp.Umargam Railway Station, Solsumba,
Umbergaon, 396165, Dist. Valsad.

**વિષય : વર્કમેન્સ કોમ્પેન્સેશન એકટ અન્વયે જમા થયેલ વળતરની રકમની વહેંચણી અંગે.**

**પ્રતિનિધીશ્રીઓ:-**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | :- | વકીલ શ્રી એસ.પી.દાસ |
| સામાવાળા નં.૧ તથા ૨ તરફે | :- | અધિકૃત અધિકારીઓ જાતે હાજર |

**-: હુકમ :-**

(૧) સામાવાળા નં.૧ કંપનીના કામદાર કમલેશભાઇ બી. પટેલનું ચાલુ નોકરીએ અકસ્માત થતાં તેઓનું તા.૦૬/૦૧/૨૦૨૫ના રોજ અવસાન થવાથી સામાવાળા નં.૨ એ રૂા.૯,૯૪,૯૬૧/- (અંકે રૂપીયા નવ લાખ ચોરાણુ હજાર નવસો એકસઠ પુરા) અકસ્માત વળતર પેટે અત્રેની કોર્ટમાં જમા કરાવેલ છે.

(૨) અરજદાર ગુજરનાર કમલેશભાઇ બી. પટેલના વારસો તરફે આંક-૫ થી વકીલ પત્ર તથા આંક-૭ થી નીચે મુજબના દસ્તાવેજ રજૂ કરેલ છે:

| ક્રમ | વિગત | નિશાની |
|---|---|---|
| ૧. | અરજદારના રેશનકાર્ડની નકલ | ૭/૧ |
| ૨. | અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ | ૭/૨ |
| ૩. | અરજદારના બેંક પાસ બુકની નકલ | ૭/૩ |
| ૪. | અરજદારના આધારકાર્ડની નકલ | ૭/૪ |
| ૫. | અરજદારના ચૂટણીકાર્ડની નકલ | ૭/૫ |
| ૬. | અરજદારના પેઢીનામાની નકલ | ૭/૬ |
| ૭. | મર્હુમના પિતાના મરણના દાખલાની નકલ | ૭/૭ |
| ૮. | મર્હુમના માતાના મરણના દાખલાની નકલ | ૭/૮ |
| ૯. | સામાવાળા નં.૧ કંપનીનુ નો-ઓબજેકશન | ૭/૯ |

(૩) સામાવાળા નં.૨ એ આંક-૧ થી ફોર્મ-એ તથા તે સાથે કામદાર વળતરની રકમ જમા કરાવવા અંગેનો પત્ર વિગતવાર ગણત્રી સાથે રજૂ કરેલ છે તથા વાઉચરની નકલ, મેડીકલ રીપોર્ટ, પોસ્ટમોટર્મ રીપોર્ટ, બોનાફાઇડ સર્ટીફીકેટ, કલેઇમ ફોર્મ, ચકાસણી ફોર્મ, પોલીસ રીપોર્ટ, ગુજરનારના મરણના દાખલાની નકલ, હાજરી પત્રક, પગાર પત્રકની નકલ રજૂ કરેલ છે.

(૪) વળતરનો ચેક રૂા.૯,૯૪,૯૬૧/- નો તા.૧૯/૦૩/૨૦૨૬ના રોજ સામાવાળા નં.૨ કંપનીએ રજૂ કરતાં સદર ચેક આંક-૨ થી ચલણ નં.૬૪/૨૦૨૫-૨૦૨૬ થી રસીદ જમા લીધેલ છે. જે રકમ ઇન્ડીયન બેંકમાં કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્સેશનના નામે ફીકસ ડીપોઝીટ તરીકે મુકેલ છે જેનો રસીદ નં.૦૯૯૭૪૮૮ છે, જે રસીદની કોપી રજુ છે.

(૫) પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા આશ્રિત તથા સામાવાળાઓ હાજર રહેલ છે.

(૬) અરજદારે આ કામે આંક-૦૬ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ કરેલ છે. આ કામે અરજદાર તરફથી તેઓનું આંક-૮ થી સોગંદનામુ રજુ કરી ડીસ્ટ્રીબ્યુશન કેસમાં જમા થયેલ વળતરની રકમ અરજદારને કબૂલ મંજૂર હોવાનું અને તે બાબતે આશ્રિતોને ફાળવણી કરવા અરજ કરેલ છે. મર્હુમના આશ્રિતોમાં તેમના વિધવા પત્નીનો સમાવેશ થાય છે. આથી અરજદારનો "આશ્રીત" ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. આ સિવાય મર્હુમના અન્ય કોઇ આશ્રિતો નથી. સામાવાળા

તરફે આંક-૦૯થી વળતરની રકમ નામદાર કોર્ટ સમક્ષ જમા કરાવેલ છે તે અરજદારને ગુજરનારના આશ્રિત તરીકે ફાળવી આપવા સંસ્થાને વાંધો નથી તેમ જાહેર કરેલ છે. ત્યારબાદ અરજદારના વિ.વ.શ્રીને તથા સામાવાળાઓને સાંભળી સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૭) આ કામમાં જમા કરાવેલ રકમ અરજદારને કબૂલ મંજૂર છે. અરજદારની રજૂઆતો ધ્યાને લેતાં મર્હુમના વિધવા પત્નીનો સમાવેશ મર્હુમના આશ્રિતોમાં થાય છે. જેથી અરજદારનો "આશ્રીત" ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. સદર કામે જમા થયેલ રકમ મર્હુમના આશ્રિતને મળવાપાત્ર થતી હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં. ૩૮૩૦/૨૦૦૬ ની દિ.પ.અ. નં.૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં.૩૮૪૦/૨૦૦૬ ની દિ.પ.અ. નં.૧૧૭૧૬/૨૦૦૬ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીહ ડી. હરીજન (સોલંકી) ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જમા થયેલ વળતરની રકમ રૂા.૯,૯૪,૯૬૧/- (અંકે રૂપીયા નવ લાખ ચોરાણુ હજાર નવસો એકસઠ પુરા) અરજદારોને હાલના કેસની હકીકતો અને સંજોગો ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે જણાવેલ વિગતે વહેંચણી કરવામાં આવે છે.

**-: હુકમ :-**

| અનુ. નં. | આશ્રિતનું નામ તથા સબંધ | ફાળવેલ રકમ | એકાઉન્ટપેયી ચેકથી આપવાની રકમ | ફિક્સ ડીપોઝીટમાં મુકવાની રકમ | ફિક્સ ડીપોઝીટમાં મુકવાની મુદ્દત (વર્ષમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | Bhavikaben Kamleshbhai Patel (પત્ની-અરજદાર) | ૯,૯૪,૯૬૧/- | ૩,૯૪,૯૬૧/- | ૬,૦૦,૦૦૦/- | ૫ વર્ષ માટે |
| | કુલ. | ૯,૯૪,૯૬૧/- | ૩,૯૪,૯૬૧/- | ૬,૦૦,૦૦૦/- | |

**-:: શ ર તો ::-**

(૧) અરજદારોને રોકડમાં ચુકવવાની થતી ઉપરોકત કોલમમાં દર્શાવેલ રકમ બેંકે જે તે અરજદારને એકાઉન્ટ પેઇ ચેક/ઇસીએસ અથવા નેટ બેન્કીંગથી ઓળખાણ અંગેની ખરાઈ કર્યા બાદ ચુકવવી.

(૨) આ કામની હવે પછી થનાર એફ.ડી. ની રકમ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં એફ.ડી. કરવી.

(૩) ઇન્ડીયન બેંક ખાતે ઉપરોકત એફ.ડી.નં.૦૯૯૭૪૮૮ ઉપર આજદિન સુધી જમા થયેલ વ્યાજની રકમ અરજદારને અલગથી બારોબાર ચુકવી આપવી.

(૪) બેંકે હવે પછી થનાર એફ.ડી. ની રકમ ઉપર જમા થતું વ્યાજ અરજદારના કિસ્સામાં જે તે તમામ અરજદારોને ત્રિમાસીક રીતે ચુકવવું.

(૫) બેંકે અરજદારોને હવે પછી થનાર એફ.ડી.ની રકમ ઉપર ચુકવવાની થતી વ્યાજની રકમ, જે તે અરજદારો જણાવે તે બેન્ક એકાઉન્ટમાં ચુકવવી.

(૬) બેંકે, અત્રેની કોર્ટના હુકમ સિવાય આ કામની એફ.ડી.ઉપર અરજદારોને કોઈ લોન ધિરાણ કે અન્ય ઇત્તર વ્યવહાર કરવો નહિ કે એફ.ડી. પ્રિમેચ્યોર રીલીઝ કરવી નહી.

(૭) બેંકે આ કામની એફ.ડી. ની રકમ અરજદારો તથા એકસ ઓફિસીઓ કમિશ્નર ફોર ધી વર્કમેન કોમ્પેન્સેશનના સંયુકત નામે કરવી.

(૮) બેંકે આ કામની એફ.ડી. ની અસલ પાવતી તથા રોકડ ચુકવ્યા અંગેની જાણ દિન-૧૦ માં અત્રેની કોર્ટમાં કરવી.

(૯) સંબંધીત બેંક તરફ યાદી કરવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: વલસાડ
તા.૨૨/૦૫/૨૦૨૬

**(ચૈતન્ય વી.લીમ્બાચીયા)**
કમિશ્નર ફોર વર્કમેન
કોમ્પેન્શેશન એક્ટ, એન્ડ
જજ લેબર કોર્ટ, વલસાડ.
**Judge Code:GJ01556**